# ડીસામાં માર્કેટીંગ કંપની સામે બેરોજગાર યુવકોએ ઠગાઈનો આક્ષેપ કરતા હોબાળો

ડીસા, તા. ૧૫

ડીસા શહેરી વિસ્તારમાં માર્કેટીંગ દ્વારા મહીનો હજારો કમાવવાની લાલચ આપી એક વોશીંગ પાવડર વેચતી કંપની દ્વારા બેરોજગાર યુવકોને તાલીમ આપવા અને નોકરી આપવા જાહેરાત કરી હતી. આ કંપનીએ તે બાદ નોકરી વાંચ્છુક યુવકો પાસેથી તેમના ઓરીજનલ એલ.સી. અને માર્કસીટ મંગાવી તેમની પાસે જમા રાખતા આ કંપની સંચાલકો વિરુધ્ધ બેરોજગાર યુવકોને શંકા ગઈ હતી. જે બાદ પોતાના દસ્તાવેજો અરજદારોએ પરત માંગતા કંપની સંચાલકો દ્વારા ઠાગ ઠૈયા કરાતા મામલો બીચક્યો હતો. અને રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ ડીસા શહેર મથકે જઈ કંપની દ્વારા તેમની ઠગાઈ કરાઈ હોવાની રજુઆત કરી હતી.

જેની વિગતો જોઈએ તો બેરોજગારીનો ફાયદો ઉઠાવી આર્થિક લાભ મેળવવા અનેક નામી અનામી કંપનીઓ દ્વારા વર્તમાન પત્રોમાં સૌ ટકા ગેરેંટેડ નોકરી આપવાની જાહેરાતો કરાય છે આ જાહેરાતોમાં મોટા પગાર અને આકર્ષક કમીશનની લાલચો સાથે પગાર ભથ્થા આપવાની મસમોટી જાહેરાત કરાતા નોકરી વાંચ્છુક બેરોજગાર યુવકો કતારબંધ આવી કંપનીમાં નોકરી માટે લાગી જતા હોય છે અને કંપની દ્વારા રજીસ્ટ્રેશન, તાલીમ અને અન્ય રીતે આવા અરજદારો પાસેથી પૈસા પડાવાય છે આવા જ એક કીસ્સામાં ડીસામાં વોશીંગ પાવડરનો માર્કેટીંગ કરવાના બહાને બેરોજગાર યુવક-યુવતીઓને મેનેજન્રના પદ સુધીની નોકરી આપવાની લાલચ અપાઈ હતી. જેથી અનેક વિદ્યાર્થીઓ તેમજ બેરોજગાર યુવક યુવતીઓ આ કંપનીની ડીસા ખાતેની ઓફીસે પહોંચ્યા હતા. કચ્છ જીલ્લાના રાપર ખાતેની એર વ્હાઈટ મલ્ટીકેમ પ્રાઈવેટ લીમીટેડ નામની કંપની દ્વારા ડીસા, પાટણ, તેમજ થરાદ વિગેરે જગ્યાઓએ ઓફીસો તેમજ તાલીમ સેન્ટરો ખોલાયો હતા. અને તાલીમ પેટે રૂપીયા ૩૫૦ ની ફી લેવાઈ હતી. આ તાલીમમાં કંપની વતી કામ કરતી એક યુવતી દ્વારા બેરોજગારો સાથે નોકરી આપવાનો સો ટકાનો કરાર કરાયો હતો. એ કરાર મુજબ તાલીમ લેતા યુવકો -અને યુવતીઓએ પોતાના અસલ દસ્તાવેજો અને પ્રમાણપત્રો કંપનીમાં જમા કરાવવા પડતા હતા. જો કે તાલીમ લેતા યુવકોને પોતાના ઓરીજનલ પ્રમાણપત્રો જમા કરાતા તેઓએ શંકાના આધારે પોતાના પ્રમાણપત્રો પરત માંગ્યા હતા. જો કે કંપનીના ડાયરેકટર ગણપતભાઈ રામજીભાઈ રાઠોડ, રહે. રાપર, કચ્છ, વાળાઓએ તેમજ મેનેજર રાહુલ પટણીએ દસ્તાવેજો ન આપતા આ મામલો પીડીત બેરોજગારો ડીસા શહેર પોલીસ સ્ટેશને લઈ ગયા હતા. જ્યાં ડીસા શહેર પી.આઈ. આર. એમ ભદોરીયાએ કંપનીના ડાયરેકટર ગણપતભાઈ રામજીભાઈ રાઠોડ અને મેનેજર રાહુલ પટણીને પોલીસ સ્ટેશન બોલાવી આ દસ્તાવેજો પરત આપવા તાકીદ કરી હતી. આ મામલે પીડીત વિદ્યાર્થીઓએ જણાવ્યુ હતુ કે તાલીમ ફી પેટે અમારી કહેવાતી ઠગાઈ થઈ છે. જો અમારા અસલ પ્રમાણપત્રો પરત નહી અપાય તો અમો આ મામલે પોલીસમાં ફરીયાદ નોંધાવીશો આમ બેરોજગાર યુવકોને નોકરી આપવાના બહાને પૈસા ઉઘરાવી તેમના અસલ પ્રમાણપત્રો જમા લેતા આ મામલે ભારે હોબાળો મચ્યો હતો.

## હિંમતનગર મામલતદાર રીંકેશ પટેલની પ્રાંત અધિકારી તરીકે બઢતી

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકા ફેર પ્રાઈઝ શોપ એસોસિએશન દ્વારા મીની પાવાગઢ વક્તાપુર ખાતે મામલતદાર અને પુરવઠા અધિકારીનો સત્કાર-વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં અધિકારી-કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.

હિંમતનગર મામલતદાર રીંકેશ પટેલને હિંમતનગર પ્રાંત અધિકારી તરીકે બઢતી મળતા તેમજ જિલ્લાના પુરવઠા અધિકારી તરીકે ધવલ જાનીની નિમણુંક કરવામાં આવી હતી. બંને અધિકારીઓનો વિદાય-સત્કાર સમારોહ વક્તાપુર મીની પાવાગઢ ખાતે હિંમતનગર ફેર પ્રાઈઝ શોપ એસોસીએશન દ્વારા કરવામાં આવ્યું હતું.

સમારોહમાં ચીફ સપ્લાય ઓફિસર જયંતિભાઈ ચૌહાણ, પુરવઠા નિરીક્ષક રમેશભાઈ ચાવડા, યશવંતભાઈ ચૌહાણ, નાયબ મામલદાર અજુનસિંહ મકવાણા તેમજ મોટી સંખ્યામાં અધિકારીગણ-કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

## આજે પ્રાંતિજ ખાતે ચેક વિતરણનો કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૧૫

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ ગાંધીનગર અને ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ ગાંધીનગરના ઉપક્રમે પ્રાંતિજ ખાતે સીધા ધિરાણની વિવિધ યોજનાના લાભાર્થીઓને ચેક વિતરણનો કાર્યક્રમ તા. ૧૬ સપ્ટે. ૨૦૧૨ રવિવારે સવારે ૧૨.૦૦ કલાકે યોજાશે.

દશામાની વાડી ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં પ્રાંતિજ તાલુકાના ગરીબ લાભાર્થીઓને સીધા ધિરાણની વિવિધ યોજના અંતર્ગત સહાયના ચેક વિતરણ રાજ્ય શિક્ષણ મંત્રીશ્રી જયસિંહ ચૌહાણ, સાંસદશ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ, ઠાકોર-કોળી વિકાસ નિગમના ચેરમેનશ્રી પુજાજી ઠાકોર, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી બંસીધરભાઈ મહેતા અને નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી ઉષાબેન બ્રહ્મભટ્ટ સહિત અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવશે, એમ નાયબ નિયામક (વિકસતી જાતિ) કચેરીની એક યાદીમાં જણાવાયું છે.



ડીસામાં કેન્દ્રની યુ.પી.એ. સરકાર દ્વારા તાજેતરમાં ડીઝલમાં કરાયેલા કમ્મરતોડ ભાવ વધારાનો ભાજપ કિસાન મોરચા દ્વારા ઉગ્ર વિરોધ કરાયો હતો. જેમાં કિસાન મોરચાના કાર્યકરોએ ભાવ વધારો પાછો નહી ખેંચાય તો ઉગ્ર આંદોલન કરાશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

## ડીસામાં કેન્દ્રની યુ.પી.એ. સરકાર વિરુદ્ધ ડીઝલ ભાવ વધારા મામલે કિસાન મોરચા દ્વારા વિરોધ પ્રદર્શન

ડીસા, તા. ૧૫

કેન્દ્રની યુ.પી.એ. સરકાર દ્વારા અનેક મામલે ભ્રષ્ટાચાર આચરી કૌભાંડોનો સીલસીલો યથાવત રખાતા તેમજ તાજેતરમાં ડીઝલમાં કમર તોડ ભાવ વધારો કરાતા સમગ્ર દેશભરમાં આ મામલે ખેડુતો અને નાગરીકો દ્વારા વિરોધ પ્રદર્શન કરાઈ રહેલ છે. જેમાં આજરોજ ડીસા ખાતે કિસાન મોરચાની આગવાની હેઠળ ભાજપી કાર્યકરોએ ડીઝલમાં ભાવ વધારો પાછો ખેંડવાની માંગ સાથે આ મામલે પોતાનો વિરોધ પ્રદર્શન કર્યો હતો.

ડીસામાં આજરોજ કિસાન મોરચાના જીલ્લા પ્રમુખ મગનભાઈ માળીની આગેવાની તળે ફુવારા સર્કલ પાસે તાજેતરના ડીઝલમાં ભાવ વધારાનો ઉગ્ર વિરોધ કરાયો હતો. આ વિરોધ પ્રદર્શન કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ ઉપાધ્યાક્ષ હરીભાઈ ચૌધરી, જીલ્લા ભાજપ પ્રમુખ, કે.એસ.મોગરા, તેમજ ડીસા શહેર ભાજપ પ્રમુખ શશીકાંતભાઈ પંડયા સહીત ભાજપી કાર્યકરો તેમજ કિસાન મોરચાના હોદેદારો અને ખેડુતો જોડાયા હતા. જેઓએ ભાવવધારો પાછો ખેંચવાની રજુઆત સાથે કોંગ્રેસ વિરોધ સુત્રોચ્ચાર કર્યા હતા. ભાવ વધારો પાછો નહી ખેંચાય તો આ આંદોલન અને વિરોધ પ્રદર્શન ઉગ્રતા એ ચાલુ રખાશે તેવુ કિસાન મોરચાના જીલ્લા પ્રમુખ મગનભાઈ માળીએ જણાવ્યુ હતુ.

## ખેડબ્રહ્મા નગરપાલિકામાં ૩૯ કરોડના કામોનું લોકાર્પણ કરાયું

ગુજરાતની વણથંભી વિકાસ યાત્રાના અનુસંધાને ખેડબ્રહ્મા નગરપાલિકામાં ૩૯ કરોડના વિકાસ કામોનું આજે ગૃહરાજયમંત્રીના વરદ હસ્તે લોકાર્પણ કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં અધિકારીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમના પ્રારંભે ગૃહરાજય મંત્રી પ્રફુલ પટેલે પ્રાસંગિક પ્રવચન આપી ખેડબ્રહ્મા શહેર પાણી પુરવઠા યોજના, કોમ્યુનીટી હોલ તથા શોપીંગ સેન્ટર, ખેડબ્રહ્મા ભુગર્ભ ગટર યોજના, બ્રહ્માજી ચોક તથા વાવના અને હરણાવ નદી કિનારે બગીચાના વિકાસનું ખાતમુહુર્ત કર્યું હતું અને બાદમાં રાજય સરકારના વિવિધ કાર્યોની માહિતી આપી હતી.

## ડીસા શહેર પોલીસ મથકમાં પતિ સામે ન્યાય માટે યુવતી બની રણચંડી : જાહેરમાં પતિની થઈ ધોલાઈ

ડીસા, તા. ૧૫

ડીસા શહેર પોલીસ મથકે બનેલ એક બનાવમાં માતા-પિતાની છત્ર છાયા ગુમાવી ચુકેલ વડોદરાની જૈન યુવતીએ ડીસામાં રહેતા એક યુવક સાથે લગ્ન કરેલા હતા. જો કે કોડભરી આ યુવતીની પતીગૃહે પીડાદાયક પજવણી થતાં અને વારંવારના માનસીક ત્રાસથી આ યુવતીએ પોતાનો મગજ પરનો કાબુ ગુમાવી ન્યાય માટે ડીસા શહેર પોલીસ મથકે રાવ નાખી હતી. જો કે પોલીસ મથકે પતીએ પોતાના બચાવ માટે પોતાનો પક્ષ રજુ કરતા ત્રસ્ત બનેલ યુવતીએ પોલીસ મથકમાં જ ચપ્પલ વડે પોતાના પતીની ધુલાઈ કરી હતી. આ મામલો શહેર પોલીસ મથકમાં જ બનતાં ભારે હોબાળો સર્જાયો હતો.

જેની વિગતો જોઈએ તો વડોદરા ખાતે રહેતી પારૂલબેન બાબુલાલ શાહની ઉ.વ. ૩૦ મા-બાપની છત્ર-છાયા ગુમાવતા તે એકલી અટુલી પડી હતી. જો કે આ યુવતી પ્રત્યે ડીસાના એક જૈન સખીદાતા અને જીવદયા પ્રેમીએ માનવીય અભિગમ દાખવી તેને યોગ્ય જીવન સાથી સાથે લગ્ન ગ્રંથીએ બાંધવા પ્રયત્નો કર્યા હતા. જેમાં આ યુવતીના લગ્ન ડીસા શહેરના ચંદ્રલોક રોડ પર આવેલ અંબિકા નગર સોસાયટીમાં રહેતા રાજેશ પોપટલાલ દરજી નામના યુવક સાથે થયા હતા છ માસના લગ્ન જીવન બાદ પતિ પત્ની વચ્ચે ટરાર થવા લાગી હતી. અને પતિ દ્વારા યુવતીને શારિરીક તેમજ માનસીક ત્રાસ અપાઈ પોતાના ઘેરથી કાઢી મુકાતા ન્યાય માટે આ યુવતી આજરોજ ડીસા શહેર પોલીસે પહોંચતા મામલો ગરમાયો હતો. પોલીસ મથકમાં પતિ ત્રાસથી કંટાળેલી આ યુવતીએ તે બાદ યુવક પર ચપ્પલ તેમજ બંગડીઓ છુટ્ટી ફેકી પોતાના રોષ ઠાલવ્યો હતો. આ યુવતીએ વધુમાં જણાવ્યુ હતુ. કે ડીસાના જૈન શ્રેષ્ઠીના કહેવાથી મેં રાજેશ દરજી સાથે લગ્ન કર્યા હતા. જો કે તેના અગાઉ પણ બે વખત લગ્ન થઈ ચુકયા છે. અને હાલમાં તે ઈન્ડિયા ઈન્ફોલાઈનમાં કામ કરે છે તેને પત્નિ તરીકેના મારા હો છીનવી મને ત્રાસ આપતાં મે ન્યાય માટે પોલીસમાં રજુઆત કરી છે આ મામલો પોલીસ મથકમાં ગરમાતા આગેવાનોએ વચ્ચમાં પડી સમાધાની કારી વલણ અપનાવી પીડીત પત્નીને ન્યાય આપવા અને પોતાના ઘેર લઈ માનભેર પત્ની તરીકેનો દરજ્જો આપવા યુવકને સમજાવતા હાલ પુરતી ફરીયાદ થયેલ નથી. જો કે આ મામલો પોલીસ મથકમાં બનતાં ભારે હોબાળો સર્જાયો હતો.

## ડીસા શહેરી વિસ્તારમાંથી વિદેશી દારૂ વેચતા બે બુટલેગર ઝડપાયા

ડીસા, તા. ૧૫

ડીસા શહેરી વિસ્તારમાં વગર પાસ પરમીટે વિદેશી દારૂ વેચાતી હોવાની બાતમી આધારે ડી.વાય.એસ.પી. રમેશભાઈ પટેલની સુચનાથી શહેર પોલીસે પ્રોહીબીશન ડ્રાઈવ રાખી હતી. જેમાં બે વિવિધ જગ્યાએ પાડેલ દરોડામાં બે બુટલેગરો વિદેશી દારૂ સાથે ઝડપાતા પોલીસે બંન્નેની ઝડપી જેલ હવાલે કરેલ છે.

જેની વિગતો જોઈએ તો ડીસા શહેરી વિસ્તારમાં વગર પાસ-પરમીટે વિદેશી દારૂ વેચાણ કરતા તત્વોને ઝડપી પાડવા ડી.વાય.એસ.પી. રમેશભાઈ પટેલની સુચનાએ આજ શહેર પી.આઈ. આર.એમ. ભદોરીયા અને તેમની ટીમે શહેરી વિસ્તારમાં સર્ચ તપાસ કરી હતી. આ સર્ચ તપાસ દરમિયાન પોલીસે બાતમી આધારે પંચો રૂબરૂ શહેરના ઢેબર રોડ ઉપર રહેતા દેવચંદભાઈ પુનમચંદ મોદીના મકાનમાં તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન તેના કબજામાંથી ચાર બોટલ પરપ્રાંતીય વિદેશી દારૂ કિંમત રૂપીયા ૧૨૦૦ મળી આવતા પોલીસે તેને ઝડપી જેલ હવાલે કર્યો હતો. જ્યારે અન્ય એક તપાસમાં શહેરના લીલાસા નગર ખાતે રહેતા બાબુ ઉર્ફે બુટીયો અમરાજી માજીરાણાના રહેણાંકના મકાનમાંથી પણ ચાર બોટલ પરપ્રાંતીય વિદેશી દારૂ કિંમત રૂપીયા ૧૨૦૦નો મળી આવતા પોલીસે આ આરોપીને ઝડપી તેની વિરુધ્ધ પ્રોહીબીશન એકટ મુજબ ગુનો દાખલ કર્યો હતો. આમ બે વિવિધ કેસમાં વિદેશી દારૂ વેચતા બે બુટલેગરોની મુદ્દામાલ સાથે પોલીસે રંગે હાથ ઝડપી જેલ હવાલે કરતા દારૂ વેચાણ કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો હતો.

## ખારેડામાં માટીના ઢગલા સમથળ ન કરાતાં કાદવ કીચડનું સામ્રાજ્ય

### ગામમાં બાઈક જેવું વાહન પણ પસાર થઈ શકતું નથી

ડીસા, તા. ૧૪

પાટણ તાલુકાના ખારેડા ગામે થોડા દિવસ પહેલા નરેગા યોજના હેઠળ રસ્તા પર પડેલા ખાડા પુરવા માટે માટીના ઢગલા કરાયા હતા, પરંતુ તે ઢગલા સમથળ નહી કરાતા અત્યારે છેલ્લા આઠ દિવસથી પડી રહેલા વરસાદને કારણે ગામમાં કાદવ કીચડનું સામ્રાજ્ય છવાતા ગ્રામજનો ત્રાહીમામ પોકારી ગયા છે.

પાટણ તાલુકાના ખારેડા ગામે નરેગા યોજના હેઠળ કાચા માર્ગોમાં પડેલા ખાડા પુરવા માટે તળાવમાંથી ટ્રેક્ટરો અને મજુરો મારફતે માટી લાવી રસ્તાઓ તેમજ ગામના ખુલ્લા ચોકમાં નાખવામાં આવી હતી પરંતુ ઢગલા કર્યા બાદ તેને સમથળ ન કરાતા અત્યારે વરસાદી માહોલમાં કાદવ કીચડનું સામ્રાજ્ય છવાયું છે. જેના કારણે ગામમાં મોટરસાયકલ જેવું વાહન પણ જઈ શકતુ નથી જાણે અજાણ્યો કોઈ વાહન આવી જાય તો કાદવમાં ખુંપી જાય છે. બે દિવસ પહેલા બોરવેલ બનાવતી એક ટ્રક આખી રાત કાદવમાં ખુપી રહી હતી. બીજા દિવસે જેસીબી વડે બહાર કાઢવામાં આવી હતી. પ્રાથમિક શાળા તેમજ દૂધ ડેરીના દરવાજા પાસે ભયંકર કાદવ કીચડ જામતા વિદ્યાર્થીઓ તેમજ ડેરીના ગ્રાહકો લપસીને પડે છે. તેમાંય શાળાએ અભ્યાસ અર્થે આવતા બાળકોની હાલત કફોડી બની રહી છે. ગ્રામપંચાયત તેમજ રામદેવપીર મંદિર, ભાકોદરા પરાની ટાંકી પાસે, ઠાકોરવાસ પાસે પણ આવી હાલત છે અત્યારે ગામમાં એક પણ વાહન ઘુસી શકતુ નથી એટલે લોકોને પોતાના વાહન ગામ બહાર મૂકીને આવવું પડે છે. હાલમાં સ્થિતિ એવી ભયંકર છે કે વરસાદ અટક્યા વિના સમસ્યામાં કોઈ સુધારો થાય તેમ નથી એટલે લોકોની હાલત કફોડી બનવા પામી છે.

## સાબરકાંઠા જિલ્લાના ડાર્કઝોન વિસ્તારો ઈડર, મોડાસા, મેઘરજમાં નવાં વીજ જોડાણ

મેઘરજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્માં આવતા મોડાસા-ઈડર-મેઘરજ તાલુકામાં ડાર્કઝોન હટાવ્યાની ૪ માસ અગાઉની જાહેરાતની મંજૂરી યુજીવીસીએલ દ્વારા ન મળતાં લોકો બોર્ડની કચેરીએ ધક્કા ખાઈને હાથ ધોઈ નાખ્યા, હવે ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે એન કેન પ્રકારે બિચારા ખેડૂતોને ખુશ કરવા ડાર્કઝોન વિસ્તારમાં નવિન વીજ જોડાણ આપવાની જાહેરાત કરવામાં આવતા આવા ખેડૂતોમાં આશાનું કિરણ ફેલાયું છે. વળી લાભ આપવામાં પણ નવી નવી યોજનાઓ જેવી કે ડ્રો સીસ્ટમથી અગ્રતા ક્રમ આપશે. તેવી જાહેરાત પણ વિસંગતા ઉભી કરે છે. તમામ અરજીઓ ખાતા નંબરમાં બોર-કૂવો હોવાની ખાત્રી બાદ જ વીજ જોડાણ આપવું જોઈએ.

નવાઈની વાત તો એ છે કે હાલ જ્યાં લાઈનનો થાંભલો છે ત્યાં બોર છે જ અને મોટરથી પાણી લઈ ખેતી થાય છે જ એટલે કે ચોરીઓ કર્યા સિવાય અને ઉત્પાદન થાય તેવું ન હતુ જેથી જાણે અજાણે પણ ચોરીનો આશરો લઈને જીવવું પડે તેમ છે. વળી હમણા ચૂંટણીઓના નગારા વાગી રહ્યા છે ત્યારે ડ્રીપ સાથે વીજ જોડાણ આપવાની નીતિ આ ખેડૂતો માટે પડતા ઉપર પાટુ મારવાની છે. ગરીબોને જોડાણ મળે તો જીવતા રહેશે, મત આપશે પણ ડ્રીપની કંપની સાતે તાલ મેલ ગોઠવાયો હોય તેમ લાખોના ખર્ચે ડ્રીપ લેવાનું ફરજિયાત ઉભુ કરાતાં બરજબરી દબાણ થયાનું કિસાન સંઘ જણાવે છે.

મેઘરજ તાલુકામાં ૧૫ વર્ષથી ડાર્કઝોન છે. પાણી છે. મોટર છે. પરંતુ કાયદેસર વીજ જોડાણ નથી જેથી બિચારા ખેડૂતો પાક પકવી શકતા નથી અને ઓછી આવકના કારણે સરકારની ઉંધી નીતિથી બેકાર બન્યા છે હવે ડ્રીપનું લફરૂ લાવતાં મોટી રકમ તેમાં ખર્ચાશે જેથી ખેડૂત વધારે પાયમાલ થશે કાં તો ખોટી ખોટી ડ્રીપની મંજૂરી લાવશે. મેઘરજ તાલુકાના એટીવીટીના સક્રીય કાર્યકર પૂર્વ તાલુકા પ્રમુખ ટી.વી. વણજારાએ આ બાબતે ઉગ્ર રજૂઆતો કરેલ જેથી અરજીઓ ૧૭-૯-૨૦૧૨ થી સ્વીકારવામાં આવશે. ચાલુ સાલે સારો વરસાદ થયો હોવાથી મોડે મોડે પણ ખેડૂતોની દશા સુધરશે તેવું જણાય છે.

## ગાંધી જયંતિ નિમિત્તે સાબરકાંઠામાં મેગા જનરલ લોક અદાલત યોજાશે

હિંમતનગર, તા. ૧૫

ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તામંડળ, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદના માર્ગદર્શન હેઠળ તથા બી.એન. કારીઆ, પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજ અને અધ્યક્ષ, જિલ્લા કાનુની સેવા સત્તામંડળ, સાબરકાંઠા, હિંમતનગરના સફળ સંચાલન હેઠળ, એડવોકેટ બાર એસોસીએશનના સહયોગથી તા. ૨જી ઓકટોબર, ૨૦૧૨નો મંગળવારના રોજ 'મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી' નિમિત્તે સમગ્ર જિલ્લામાં જિલ્લા કક્ષાએ તથા સાબરકાંઠા જિલ્લામાં તમામ તાલુકા કક્ષાએ તમામ કોર્ટોમાં મેગા જનરલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મેગા જનરલ લોક અદાલતમાં મોટર વાહન અકસ્માતમાં ઈજા પામેલ કે મરણ જનારના વારસદારોએ કરેલ વળતરની અરજીઓ, દિવાની તકરારને લગતા કેસો તથા નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ નીચે કરવામાં આવેલી ફરીયાદો તથા વૈવાહીક બાબતોને લગતા કેસો તેમજ સમાધાનને પાત્ર હોય તેવા કેસોનું સમાધાનકારી વલણથી ઝડપી નિરાકરણ લાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેથી પક્ષકારોના આ પ્રકારના કેસોનો ઝડપથી અને સમાધાનકારી વલણથી નિકાલ થઈ શકે અને આ લોક અદાલતમાં વધુને વધુ કેસોનું નિરાકરણ થાય તે માટેના સંનિષ્ટ પ્રયત્નો ચેરમેનશ્રી, જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ તથા ચેરમેનશ્રી, તાલુકા કાનુની સેવા સમિતિ તથા એડવોકેટ બાર`સોસીએશનના સભ્યો તથા સ્ટાફના સભ્યો સાથે મળીને સાથ-સહકારથી હાથ ધરવામાં આવેલ છે. આ મેગા જનરલ લોક અદાલતમાં મોટી સંખ્યામાં કેસોનો નિકાલ થવાની વકી છે.

આ મેગા જનરલ લોક અદાલતમાં કોઈપણ પક્ષકાર પોતાના કેસનું સમાધાનકારી વલણથી ઝડપી નિરાકરણ લાવવા માટે જિલ્લા કક્ષાએ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના સેક્રેટરીશ્રી તથા તાલુકા કક્ષાએ તાલુકા કાનુની સેવા સત્તા મંડળના સેક્રેટરીશ્રી તથા તાલુકા કક્ષાએ તાલુકા કાનુની સેવા સમિતિના અધ્યક્ષશ્રીનો સંપર્ક કરી શકે છે. પક્ષકારો આ તકનો મહત્તમ લાભ મેળવી શકે તે માટે આ લોક અદાલતમાં જે કોઈ વ્યક્તિ કે પક્ષકાર પોતાનો કેસ મુકવાની ઈચ્છા ધરાવતા હોય, તેમણે તુરંત જ સબંધિત અધિકારી કે કચેરીનો સંપર્ક કરી આ લોક અદાલતનો ખાસ લાભ મેળવવા જાહેર જનતાને નિમંત્રણ પાઠવામાં આવ્યું છે.

ટચૂકડી જાહેર ખબર
અઢળક નાણાં કમાઓ
વિદ્યાર્થી, ગૃહિણી, રીટાયર્ડ, અભણ, દિવસના ૨/૪ કલાક કામ કરીને ૭ દિવસના રૂ. ૬૦,૦૦૦/- સુધી કમાઓ
મો. : ૯૦૩૩૨૩૨૧૬૩
(અમૂલ્ય તક ૧૦૦%)
રોજના ૧૦૦૦/- રૂ. કમાઓ
વિદ્યાર્થી, ગૃહિણી, રિટાયર્ડ, અભણ, માત્ર એકવાર રૂ. ૩૦૦નું રોકાણ કરીને રૂ. ૫૦૦/- રૂ થી ૧૦૦૦/- રૂ. સુધી કમાઓ
મો. : ૯૦૩૩૨૩૨૧૬૩

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન